નવી બાબત ૨૦૧૮-૧૯

એસએસસી પછીના તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે આર્થિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને આપવામાં આવતા સ્ટાઇપેન્ડમાં રૂ.૨૭૫ નો વધારો કરવા બાબત. રૂ.૬૬.00 લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૭/૭૩૬૫૬૭/ન.બા.30/અ.૧,

સચિવાલય, ગાંધીનગર.

તા./0૬/૨૦૧૮

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/0૪/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૧૧-૩૫૨-ન.બા.-અ.૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૦/0૪/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૦૨૦૧૨-ન.બા.-૪૭-અ.૧

(3) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૧૫/૧૨/૨૦૧૭નો પત્રક્રમાંક:વિ.જા.ક./શિક્ષણ/ન.બા./૨૦૧૮-૧૯/૪૦૨૦

આ મુ ખ :

હાલમાં રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના વિભાગના તા.૨૦/0૪/૨૦૧૨ના ઠરાવથી આર્થિક રીતે પછાત વર્ગોના સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં એક વર્ષ કરતાં વધુ સમયના અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીઓને માસિક રૂ.૪00/- ના દરથી ૧૨ માસ માટે તેમજ વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના વિભાગના તા.૨૦/0૪/૨૦૧૧ના ઠરાવથી ટેકનીકલ-વ્યવસાયિક અભ્યાસક્રમ માટે એક વર્ષ સુધીના અભ્યાસક્રમમાં માસિક રૂ.૧૨૫/- ના દરથી ૧૨ માસ માટે સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવે છે. આજની પરિસ્થિતિમાં દિન-પ્રતિદિન મોંઘવારીમાં વધારો થતાં પુસ્તકો, નોટબુકો અને સ્ટેશનરીની કિંમતમાં અનેક ગણો વધારો થવાથી અને નબળી નાણાકીય પરિસ્થિતિને કારણે રાજ્યના આર્થિક રીતે પછાત વર્ગોના એસ.એસ.સી. પછીના વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદ યોજના હેઠળ તકનિકી અને વ્યવસાયિક અભ્યાસક્રમોમાં એક વર્ષ સુધીના અભ્યાસક્રમ માટે ચુકવવામાં આવતી સ્ટાઇપેન્ડની રકમમાં વધારો કરવા અંગે વંચાણે લીધેલ નિયામકશ્રી(વિ.જા.ક.)ના તા.૧૫/૧૨/૨૦૧૭ના

પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના આર્થિક રીતે પછાત વર્ગોના એસ.એસ.સી. પછીના વિદ્યાર્થીઓને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦ વાર્ષિક આવકમર્યાદા ધ્યાને લઇને તકનિકી અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઇપેન્ડની સ્વામી વિવેકાનંદ યોજનામાં એકસૂત્રતા જળવાય તે માટે એક વર્ષ સુધીના અભ્યાસક્રમ માટે હાલની માસિક સહાય રૂ.૧૨૫/-માં રૂ.૨૭૫ નો વધારો કરી માસિક કુલ રૂ.૪૦૦/- કરવાની કુલ રૂ.૬૬.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૦૩- ઓબીસી-૨ અન્ય પછાત વર્ગોના પોસ્ટ એસ.એસ.સી. પછીના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રોત્સાહન(શિષ્યવૃત્તિ, વૃતિકા, સાધન સહાય, ભોજન બીલ, ટેબલેટ વગેરે) હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૫/૦૬/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ. એમ. ઘાંચી)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ રવાના: •

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ